## ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૭૩ ટકા

# આ વર્ષે જેકો મોતી વર્ક વાળા કેડીયા ટ્રેન્ડમાં

## ભરવાડી, કચ્છી, ગોલવાડી, સાદા કેડીયા પણ ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૧૯

ટ્રેડીશનલ પોશાકમાં સજજ થઈ ગરબો રમવા શહેરના ખેલૈયાઓ તૈયારી કરી રહ્યા છે. નવરાત્રિ હવે નજીકના દિવસોમાં જ છે ત્યારે શહેરના યુવાનોથી લઈ મોટાઓ કેડીયુ અને ચણિયાચોળીની ખરીદીમાં, ભાડે બુક કરાવવામાં તથા એકબીજા સાથે મેચીંગ બનાવવા માટે પસંદગી કરી રહ્યા છે. છોકરાઓના કેડીયામાં આ વર્ષે જેકો મોતીનો ટ્રેન્ડ છે. શહેરના જાણીતા ડ્રેસ ડિઝાઈનર કૃણાલ શાહના જણાવ્યા અનુસાર દર વર્ષે અમે અલગ અલગ ટાઈપના કેડીયા બનાવીએ છીએ. યુવાનોને ગમે અને તેઓને કંઈક નવું લાગે તેને અનુલક્ષીને આ વર્ષે કેડીયામાં જેકો મોતીનું વર્ક કરવામાં આવ્યું છે. કેડીયાની બંને બાંય અને ધારી પર ફૂલ જેકો મોતી વર્ક સાથે પછેડી, ચોયણીમાં પણ અલગ અલગ વેરાયટી મુજબ કેડીયું તૈયાર કરવામાં આવ્યું છે. ભરેલી, સાદી અને એમ્બ્રોડરીવાળી પછેડીના કલર કોમ્બીનેશન નવા છે. સિમ્પલ વર્ક સાથેના કેડીયા અને જકોમોતી સાથે ડિફરન્ટ લૂક આપતા કેડીયા યુવાનોને જરૂર પસંદમાં આવશે. આ સાથે ભરવાડી, કચ્છી, સાદા, ગોલવાડી અને થાનગઢનો ભરવાડી કેડીયા ડ્રેસ તો ટ્રેન્ડમાં છે જ.

છોકરીઓ માટે તો નવા ટ્રેન્ડ આવતો જ રહે છે પરંતુ છોકરાઓ માટે પણ આ વર્ષે શહેરમાં નવી નવી ડિઝાઈન તૈયાર થઈ રહી છે.



## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- ડ્રીમગર્લ
૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
- છીછોરે
૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
- ધ ઝોયા ફેક્ટર
૧.૩૦, ૭.૨૦
- રેમ્બો : લાસ્ટ બ્લડ
૧૨.૧૦, ૮.૫૦
- પલ પલ દિલ કે પાસ
૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
- પ્રસ્થાનમ્
૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- ડ્રીમગર્લ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
- પ્રસ્થાનમ્
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
- ધ ઝોયા ફેક્ટર
૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
- પલ પલ દિલ કે પાસ
૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
- છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- સાહો
૩.૫૫
- ચાસણી (ગુજરાતી)
૧.૦૦

# ગોલ્ડન વીંગ લેડીઝ કલબ દ્વારા બહેનોનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૯

સેવાકીય સંસ્થાની વચ્ચે શહેરમાં વધુ એક નવી સંસ્થા ગોલ્ડન વીંગ લેડીઝ કલબનો પ્રારંભ થયો છે. સંસ્થા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી તથા પ્લાસ્ટિક મુકત અભિયાનને આગળ ધપાવવા આગળ ડગ માંડયા હતા. કાર્યક્રમમાં નિમ્સ હોસ્પિટલના લેપ્રોસ્કોપી અને ગેસ્ટ્રો સર્જન ડૉ. ઉર્વશી દોશી દ્વારા ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, કમિશનર રતનકુંવરબા, બ્રહ્માકુમારીના કૈલાશદીદી, ગૌતમભાઈ, રેડક્રોસના પદાધિકારીઓ તથા નગરના અન્ય સંસ્થાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન હર્ષાબા ધાંધલ દ્વારા અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના વૈશાલી જોષી તથા ગીતાબેન ખુમાનનો ફાળો રહ્યો હતો.

# શહેરમાં વરસાદ બાદ ઠેર ઠેર ફૂટપાથ બેસી જવાની ઘટના



શહેરમાં વરસાદી વિરામ બાદ વિવિધ સમસ્યાઓ સામે આવી રહી છે. જેમાં ખુલ્લી જગ્યાઓ પર પાણીનો ભરાવો, માર્ગો પર ખાડા તેમજ કયાંક જમીન બેસી જવાથી નાના-મોટા ભૂવા પડી જવા તેવી તકલીફોનો સમાવેશ થાય છે. શહેરના સેકટર-૧૬માં દેના બેંક પાછળના ભાગે વરસાદના કારણે ફૂટપાથ બેસી જવા પામી છે જેના પર ચાલવું રાહદારીઓ માટે જોખમી બન્યું છે.

# નર્સરીમાંથી ૧૦ લાખના ફુલછોડની ખરીદી બાદ ૧૦ વર્ષે પણ રૂપીયા ન મળતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલી એક નર્સરીમાંથી રૂ.૧૦ લાખથી વધુના ફુલછોડની ખરીદી બાદ રૂપીયા આપવામાં ગલ્લા-તલ્લા કરતા બે નાગરીકો સામે ફરીયાદ નોંધાઈ છે.ગાંધીનગર ખોરજ ગામની સીમમાં નર્સરી ચલાવતા અને નવરંગપુરા ખાતે રહેતા અનિલ નંદકિશોર જૈસલમેરીયા (ઉં.વ.૫૫) એ રૂપીયા અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૦૯ માં તેમની નર્સરી ખાતે પેરીફિકા હોટલ્સ (અમદાવાદ પ્રોજેકટ) પ્રા.લી.ના તે સમયના ડાયરેકટર રાકેશ મોતીલાલ ઈશરા અને વિદેશ થી આવેલા મહેમાન નર્સરીમાં સાથે આવ્યા હતા. ત્યારબાદ નર્સરીમાં ફરીને ફુલછોડની પસંદગી કરી હતી. કંપનીના લેટરપેડ પર પર્ચેસ ઓડર તૈયાર કરીને સપ્ટેમ્બર ૨૦૦૯ માં રૂ.૧૦,૫૬,૨૭૦ કિંમતના ફુલ છોડની ખરીદી કરી હતી. તે ઉપરાંત તેમની મૌખિક કહેવાથી રૂ.૧૧,૮૫૦ ની કિંમતનો ઓર્ડર મોકલી આપ્યો હતો. નર્સરીના માલિકે રૂપીયાની ઉઘરાણી કરતા આંતરરાષ્ટ્રીય કંપની હોવાથી રૂપીયા કયાંય નહીં જાય તેવો વિશ્વાસ આપવામાં આવતો હતો. ત્રણ વર્ષ સુધી આમ થી તેમ જવાબો આપી ગોળ ગોળ ફેરવ્યા બાદ ફરીયાદીએ પહેલા રજીસ્ટ્રી એડી દ્વારા રૂપીયા અંગે જાણ કરી હતી. ત્યારબાદ એડવોકેટ દ્વારા નોટીસ પણ મોકલી આપી હતી. તેમ છતા કોઈ પણ પ્રકારનો પ્રત્યુતર મળ્યો ન હતો. ત્યારબાદ રાકેશ ઈશરા તરફથી કંપની અન્ય નાગરીકોને વેચાણ કરી દેવાઈ હતી. જે અંગે ફરીયાદીએ કંપનીના નવા મેનેજર સુરેન્દ્ર.પી.લોઢાના સંપર્ક કર્યો હતો અને કંપની પાસેથી બાકી નીકળતા રૂપીયા અંગે ચર્ચા કરી હતી. તે બાદ પણ તેણે કંપનીના નવા જુના સરનામે નોટીસ મોકલી છતા રૂપીયા મળ્યા ન હતા. આ બધી પ્રક્રિયામાં ૯ વર્ષ જેટલો સમયગાળો વિતી જતા આખરે ફરીયાદી અનિલભાઈ એ પેસીફિકા હોટેલ્સ (અમદાવાદ પ્રોજેકટ)ના જુના ડાયરેકટર રાકેશ ઈશરા તેમજ હાલના મેનેજર સુરેન્દ્ર પી.લોઢાની સામે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# એસ.વી. સ્કૂલમાં હિન્દી રેસિટેશન કોમ્પિટિશન યોજાઈ



ગાંધીનગર, તા.૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં હિન્દી રેસિટેશન કોમ્પિટિશન યોજાઈ ગઈ. જેમાં બાળકોએ પોતાની કાલીઘેલી બોલીમાં, હિન્દી ભાષામાં વિવિધ કવિતાઓ એક્શન સાથે રજૂ કરી હતી. બાળકો પોતાની સાથે કવિતાને સંબંધિત વિવિધ વસ્તુઓ જેવી કે છત્રી, વિમાન, ટેડી બેર, ટ્રાફિક સિગ્નલ, બાર્બી ડોલ, સ્કૂલ બસ વગેરે લાવ્યા હતા. કાર્યક્રમનુ સફળ અને રસમય સંચાલન શિક્ષિકા દીપ્તિ ઉપાધ્યાયે કર્યું હતું. જ્યારે જજ તરીકે કેમ્પસમાં જ આવેલી શાળા એચ.વી.એમ. ગુજરાતી મીડિયમ બાલમંદિરના શિક્ષિકાઓ ગીતાબેન, કાજલબેન, વનિતાબેન અને રમીલાબેને સેવાઓ આપી હતી. બાળકોમાં હિન્દી ભાષા પ્રત્યે રૂચિ વધે, તેઓ આ ભાષા ઉપર પ્રભુત્વ મેળવે તેમજ તેમનો સ્ટેજ ફિયર દૂર થાય તે હેતુથી સમગ્ર કાર્યક્રમ કુંતલ શુકલ અને ખુશ્બુ મિસ્ત્રિના માર્ગદર્શન નીચે સંપન્ન થયો હતો.

# જિલ્લામાં આગામી ૨૩ થી ૩૦ મી દરમ્યાન કારકિર્દી આયોજન સપ્તાહ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ થી ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના દરમ્યાન કારકિર્દી આયોજન સપ્તાહ યોજાશે.

સપ્તાહનો ઉદ્દ્ઘાટન સમારોહ તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે શેઠ એમ.એસ.ભાણાવાલા હાઈસ્કુલ, મુ.પો. વલાદ, તા.જી. ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન સમારંભ તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ બપોરના ૨.૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કુલ, મુ.પો.-લવારપુર, તા.જી. ગાંધીનગર ખાતે યોજાશે.

સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કારકિર્દી ચાર્ટ પ્રદર્શન, શાળાઓમાં નિબંધ/વકૃત્વ સ્પર્ધા, શાળાના કેરિયર કોર્નર શિક્ષકો માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, શાળાઓમાં વિદ્યાર્થીઓના વ્યકિતગત વિકાસ અંગેનું માર્ગદર્શન, વાલી સંમેલન, વિદ્યાર્થીઓને ટેકનિકલ શાળાની મુલાકાત, પ્રશ્નોત્તરી વગેરે કાર્યક્રમો યોજવામાં આવશે.

# ઉમાભવન ખાતે ડાયાબીટીસી માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૯

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર અને નીમા ફાઉન્ડેશન દ્વારા તા. ૨૨ સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઉમા સમાજ ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ દ્વારા ફ્રી ડાયાબીટીસ માર્ગદર્શન સેમિનાર તથા ડાયાબીટીસ માર્ગદર્શિકાનું વિમોચન તથા ફ્રી વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારનો લાભ લેવા સૌ ગાંધીનગર વાસીઓને સંસ્થાના પ્રમુખ ભરતભાઈ બી. પટેલ તથા મંત્રી ભોળાભાઈ આઈ. પટેલ દ્વારા જણાવાયું છે.

# શહેરના ઘ-૬ વિસ્તારમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના ઘ-૬ બસ સ્ટેન્ડ નજીક આવેલા કોર્નર પરથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૨૬ ખાતે રહેતા અજયસિંહ ગંભીરસિંહ ગોહિલ (ઉં.વ.૩૬) ભદ્ર અમદાવાદ ખાતે બેંક ઓફ બરોડામાં એસડબલ્યુંઓ તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૭ ઓગસ્ટના રોજ તેઓ પોતાનું એકટીવા નં. જી.જે.૦૧. એલ.એફ.-૭૦૧૫ નંબરનું ગ્રે કલરનું એકટીવા સે-૨૮ના કોર્નર પાસે ઘ-૬ વિસ્તારમાં મુકીને બસમાં નોકરી પર ગયા હતા. સવારે આઠ વાગ્યાના અરસામાં મુકેલ અજયસિંહ રાત્રે ૮ વાગે પરત ફર્યા હતા ત્યારે એકટીવા ગુમ હતું. આ જગ્યાએ અપડાઉન કરતા અનેક નાગરીકોના વાહનો પડ્યા હોવાથી કોઈ ભુલથી લઈ ગયું હોવાનું માનીને થોડા દિવસો પોતાની રીતે શોધખોળ આદરી હતી. જો કે એકટીવાનો પત્તો ન લાગતા આખરે તેમણે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે રૂ.૫ હજારની કિંમતના એકટીવાની ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ઉંઘ નો જોવે ઓટલો.. અને ભુખ ન જોવે રોટલો.. આ કહેવત અહીં ચરીતાર્થ થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. શહેરની સત્યાગ્રહ છાવણી પાસે એક શ્રમિક વટેમાર્ગુ પોતાની થેલી સાઈડમાં મુકીને શાંતિથી નીંદર માણી રહ્યા છે. ત્યારે આ વટેમાર્ગુને કોઈ કેફી પીણાનો નશો ચડ્યો હોય અને આગળ જઈ શકે તેવી સ્થિતિ ના હોય અને આરામ ફરમાવતા હોય તેવું પણ બની શકે છે.

# જુના સચિવાયલ બ્લોક નં.૨૦ ખાતે પાર્કીંગમાંથી જીપ ચોરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં વાહનચોર બેખૌફ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ખાનગી તો ઠીક સરકારી વાહનોની પણ ચોર ટોળકી ઉઠાંતરી કરતા સહેજ પણ ખચકાતી નથી. છેલ્લા એકાદ વર્ષમાં ચાર ટાટા સુમો ગોલ્ડની ઉઠાંતરી થવા પામી છે. ત્યારે જુના સચિવાલયના બ્લોક નં-૨૦ ખાતે સ્થિત મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરી પાસેના પાર્કીંગમાંથી રાત્રીના સમયે ઉઠાંતરી થવા પામી છે. ત્યારે મહિલા અને બાળ વિકાસ કચેરીમાં સીડીપીઓ તરીકે ફરજ બજાવતા અનિલબાઈ પટેલ (ઉં.વ.૫૭) એ સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. વાહનચોર માટે શહેર સોફટ ટાર્ગેટ બનતું જાય છે. ત્યારે વાહનચોરીનો નાથવા માટે પોલીસ તંત્ર પણ કમરકસી રહ્યું છે. પોલીસના સઘન નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોર સરકારી ગાડીને ટાર્ગેટ કરી ચોરી જાય છે તે વાત નવાઈ પમાડે છે. ત્યારે ગત તા.૧૩ સપ્ટેમ્બરના રોજ કચેરીના ડ્રાઈવર સાંજે છ વાગ્યાના અરસામાં ગાડી પાર્ક કરી ને ઘરે ગયા હતા. શનિ-રવિ બે દિવસની રજા બાદ ઓફિસ પહોંચેલા ડ્રાઈવરે જોયું તો જી.જે.૧૮.જી.૯૧૧૧ નંબરની ગાડી ગુમ હતી. જેને પગલે કચેરી દ્વારા સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવતા ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રીના ૨ વાગ્યાના અરસામાં ૩૦ થી ૩૫ વર્ષિય યુવક ગાડી ચોરી કરતો નજરે પડે છે. જેને અનુલક્ષી મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા ગાડી ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨.૯૫ લાખની કિંમતની ગાડી ચોરી અંગે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# આવતીકાલે ડૉ. આંબેડકર હોલ ખાતે 'શાશ્વત ગાંધીકથા'નું આયોજન

ગાંધીનગરના ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ અને જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટ દ્વારા અબોલ પશુ પ્રાણીઓના લાભાર્થે તા. ૨૧મી સપ્ટેમ્બરે રાત્રે ૭.૩૦ થી ૧૧ કલાક દરમિયાન ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી 'શાશ્વત ગાંધીકથા'નું આયોજન કરવામાં આવ્યું છે. અહિંસા, પ્રેમ અને કરૂણાનો સંદેશ આપનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના સંદર્ભમાં આયોજિત આ 'શાશ્વત ગાંધીકથા'ના વકતા ડૉ. યોગેન્દ્ર પારેખ છે તેમજ કાર્યક્રમમાં જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા પણ પરફોર્મન્સ આપશે.

'શાશ્વત ગાંધીકથા' કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના પ્રમુખ પંકજભાઈ ભટ્ટ શહેરના મેયર રીટાબેન પટેલ, જાણીતા લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ગુજરાત યુથ બોર્ડના પૂર્વ ડાયરેકટર કમલેશભાઈ ત્રિવેદી, પૂર્વ કાર્યકારી ઈજનેર રામસિંહજી ઠાકોર, ઈન્ડિયન ફેડરેશન સ્મોલ એન્ડ મીડીયમ ન્યુઝ પેપર્સના સેક્રેટરી લક્ષ્મણભાઈ પટેલ, સામાજીક કાર્યકર્તા આર.કે. સીંઘ તથા રૂચીકભાઈ જોશી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને વિના મૂલ્યે માણવા ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને યુવા પ્રતિભાશાળી અભિનેત્રી વિવેકા પટેલ તથા જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટના પ્રમુખ મહેશ જીરાવાલા દ્વારા જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




જીસીઈઆરટી પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા માર્ગદર્શિત અને કલોલ તાલુકા શિક્ષણ સમિતિ તથા બ્લોક રિસોર્સ સેન્ટર દ્વારા આયોજિત તાલુકા કક્ષાના ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૯નું આયોજન સઈજ સાર્વજનિક વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કોઠા પ્રાથમિક શાળા દ્વારા બાયોટોઈલેટની કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી. જે પ્રસંશા પામવા બદલ શાળાના બાળ વિજ્ઞાનીઓને શાળાના આચાર્ય સંજયભાઈ ભગોરા તથા સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# શહેરના વોર્ડ નં.૮માં ૨૧થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સતત ચાલેલા વરસાદી માહોલ બાદ વરાંપ તો નીકળ્યો છે પરંતુ વાદળછાયુ વાતાવરણ સતત જોવા મળી રહ્યું છે. ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણી તથા ભેજયુકત વાતાવરણને પગલે શહેરમાં માખી-મચ્છર જેવા જીવાણુઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. જેને પરિણામે ઋતુજન્ય બિમારીઓએ સંકજો જમાવ્યો છે. અને ઘરે ઘરે બિમારીના ખાટલા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના દવાખાનાઓ શરદી, તાવ, ઉધરસ, ખાંસી, શરીર તુટવું માથુ દુઃખવુંથી માંડીને ડેન્ગ્યુ-સ્વાઈન ફલુ જેવી બિમારીઓની ફરિયાદો સાથે દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આ સ્થિતિમાં નાગરિકોમાં રોગ પ્રતિકારક શકિત વધારતા આયુર્વેદિક ઉકાળા અમૃત વેદના નિઃશુલ્ક વિતરણનું આયોજન તા. ૨૧ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત દ્વારા સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના વૈદ્ય ડૉ. રાકેશભાઈ ભટ્ટના સંયુકત ઉપક્રમે શહેરના વોર્ડ નં. ૮માં તા. ૨૧ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સવારે ૮.૩૦ થી ૯.૩૦ દરમિયાન આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આયુર્વેદિક ઉકાળો તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે સેકટર-૩ ન્યુ શોપીંગ સેન્ટરની પાછળ, તા.૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે સે-૨માં ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે અને તા. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે સે-૪માં ઓમકારેશ્વર મંદિર પાસે દરરોજ સવારે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમિયાન કરવામાં આવશે. આ આયુર્વેદિક ઉકાળાના નિઃશુલ્ક વિતરણ કેમ્પનો લાભ લેવા આ વિસ્તાર સહિત શહેરની સ્વાસ્થ્યપ્રેમી જનતાને નગરસેવક તથા આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.